સગર્ભા માતા અને નવજાત શિશુના આરોગ્યની સંભાળ

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સમયાંતરે સગર્ભા માતાઓ અને નવજાત શિશુના મૃત્યુ દર ને ઘટાડવા માટે વખતોવખત જરૂરી તાલીમ તેમજ થયેલ માતા કે શિશુના મૃત્યુના કારણોનો અભ્યાસ કરી તે કઈ રીતે ટાળી શકાય તે માટે વર્કશોપનું આયોજન કરતી હોય છે. આવા જ એક વર્કશોપનું આયોજન વિભાગીય નાયબ નિયામકની કચેરી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ જિલ્લાના આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને સબ ડિસ્ટ્રિક હોસ્પિટલના અધિક્ષકશ્રી તેમજ તમામ જિલ્લામાં કાર્યરત સ્ત્રી રોગ નિષ્ણાત તથા બાળરોગ નિષ્ણાત સાથે મળીને તા. ૧૮,૦૩,૨૦૨૩ અને તા. ૨૧.૦૩.૨૦૨૩ ના રોજ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ. જેમાં બી. જે. મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદના સ્ત્રી રોગ નિષ્ણાત અને ગાયનેક વિભાગના એચ.ઓ.ડી. ડૉ અમિયા મહેતા દ્વારા માતા મૃત્યુ દર (દર ૧,૦૦,૦૦૦ જન્મેલા બાળકોની સામે થયેલ માતાના મૃત્યુની સંખ્યા), આ મૃત્યુ દર ઘટાડવા માટે લેવા પડતાં જરૂરી પગલાં તેમજ સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ યોજનાઓ વિષે માહિતી પૂરી પાડવામાં આવી. હાલ ગુજરાત રાજ્યનો માતા મૃત્યુ દર ૫૭ છે, જે વર્ષ ૨૦૧૬-૧૮ માં ૭૬ જેટલો હતો. ભારત સરકાર દ્વારા રાજ્ય દીઠ આપવામાં આવેલ લક્ષ્યાંક કરતાં ગુજરાત રાજ્યએ વિવિધ આરોગ્ય લક્ષી યોજનાઓ જેવી કે જનની સુરક્ષા કાર્યક્રમ,પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃતત્વ અભિયાન, સુમન અને જનની શિશુ સુરક્ષા કાર્યક્રમનું અસરકારક અમલીકરણ કરીને આપવામાં આવેલ લક્ષ્યાંક કરતાં પહેલા માતા મૃત્યુ દરમાં ઘટાડો કરેલ છે. હાલ રાજ્યનો બાળ મૃત્યુ દર (દર ૧૦૦૦ જન્મેલા બાળકો સામે મૃત્યુ પામેલ બાળકની સંખ્યા) ૨૩ છે, જે આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ઘારીને ૬ સુધી લઈ જવાનો છે, જે અંગે આ વર્કશોપમાં ડૉ.નયન જાની અધિક નિયામક શ્રી (પરિવાર કલ્યાણ) ડૉ ચારૂલ મહેતા, અસોસિયેટ પ્રોફેસર, બાળ રોગ વિભાગ, બી. જે. મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા તમામ તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. વધુમાં, વિભાગીય નાયબ નિયામકશ્રી ડૉ.સતીષ મકવાણા દ્વારા તાજેતરમાં શરૂ કરવા આવેલી સ્માર્ટ રેફરલ સર્વિસ દ્વારા કઈ રીતે આ મૃત્યુ દર ને ઘટાડી શકાય તેમજ તેના સુચારું અમલીકરણ માટે અને જરૂરી તમામ લાભાર્થીઓને આરોગ્ય લક્ષી યોજનાઓનો લાભ મળી રહે તે માટે વિસ્તૃત ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું.

‘આંતરરાષ્ટ્રીય વન દિવસે’ એગ્રો ફોરેસ્ટ્રી આધારિત ખેડૂત ઉત્પાદક સંઘ FPOની રાજ્યકક્ષાની કાર્યશાળા

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પર્યાવરણ પ્રિય લાઈફ સ્ટાઈલ રોજિંદા જીવનમાં અપનાવીને હરેક ક્ષેત્રે પર્યાવરણના વિચાર સાથે સંતુલિત વિકાસનું આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ મિશન લાઈફની જે સંકલ્પના આપી છે તેને ઊર્જા, પાણી, વગેરેના વિવેકપૂર્ણ ઉપયોગ, પ્લાસ્ટિકના ઓછામાં ઓછા ઉપયોગ અને પ્રકૃતિ જતનને જીવનશૈલી બનાવી સૌ સાકાર કરીએ.

મુખ્યમંત્રીશ્રીએ ૨૧મી માર્ચ, આંતરરાષ્ટ્રીય વન દિવસના ઉપલક્ષ્યમાં મહાત્મા મંદિર ખાતે વન વિભાગ આયોજિત એગ્રો ફોરેસ્ટ્રી આધારિત ‘ઞ’ ના વર્કશોપનો પ્રારંભ કરાવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં ૧૦ હજાર એગ્રો ફોરેસ્ટ્રી આધારિત ’ખેડૂત ઉત્પાદક સંઘ - ‘ઞ’ સ્થાપવાના આપેલા લક્ષ્યાંકને સાકાર કરવાના હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરા તેમજ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ પણ આ વર્કશોપમાં સહભાગી થયા હતા. આ વર્ષના આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણીની થીમ “ફોરેસ્ટ એન્ડ હેલ્થ” રાખવામાં આવી છે તે સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, જંગલો ઓછા થવાથી પૃથ્વી પરનું સમગ્ર ઋતુચક્ર બદલાઈ ગયું છે. કમોસમી વરસાદ, અતિશય ગરમીનું ઊંચું તાપમાન, ગ્લોબલ વોર્મિંગ અને કલાયમેટ ચેન્જ ની માનવજીવનના સ્વાસ્થ્ય-તંદુરસ્તી પર અસર પડે છે.

તેમણે ઉમેર્યુ કે, કલાયમેટ ચેન્જની આ સમસ્યા સામે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આગવા વિઝનથી ગુજરાતમાં દેશભરમાં સૌથી પહેલાં કલાયમેટ ચેન્જ વિભાગ શરૂ કરેલો છે. એટલું જ નહિ, તેમણે પર્યાવરણ પ્રિય, સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ માટે ગ્રીન ગ્રોથની હિમાયત પણ આ વર્ષના કેન્દ્રીય બજેટમાં કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના આ વિચારને પગલે ગુજરાતમાં પણ આ વર્ષે બજેટમાં ગ્રીન ગ્રોથ માટે આવનારા પાંચ વર્ષ માટે બે લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવાનું આયોજન કર્યુ છે.

તેમણે જણાવ્યું કે, રાજ્યના શહેરી વિસ્તારોમાં ૨૦ જેટલા અર્બન ફોરેસ્ટ તૈયાર કરવા સાથે એગ્રો ફોરેસ્ટ્રીનો વ્યાપ વિસ્તારી આવનારા વર્ષોમાં ૫૭૫૦ ચોરસ કિલોમીટર વિસ્તારને તેમાં આવરી લેવાની નેમ છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે જળ, જમીન અને જંગલનો સમન્વય કરીને કૃષિ વનીકરણ એગ્રો ફોરેસ્ટ્રી કરતા ખેડૂતો, ધરતીપુત્રોને અદ્યતન માર્ગદર્શન આપવા આંતરરાષ્ટ્રીય વન દિવસે આવી કાર્યશાળાના આયોજનને બિરાદાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકાર એગ્રો ફોરેસ્ટ્રી સાથે જોડાયેલા ખેડૂતોની પડખે ઊભી રહેશે તેવી નેમ પણ દર્શાવી હતી.

સે-૩૦ સરકારી પ્રાથમિક શાળામાં વન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

સરકારી પ્રાથમિક શાળા સેક્ટર ૩૦ના બાળકોને વન દિવસની ઉજવણી નિમિત્તે ખૂબ જ સુંદર માહિતી આપવામાં આવી હતી તથા તેમને વનની મુલાકાત કરાવવામાં આવી હતી. બાળકોને અલગ અલગ વૃક્ષોની ઓળખ અને ઉપયોગીતા વિશે માહિતી આપવામાં આવી હતી.

સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરુમાની પ્રેરણાથી ‘કૃપાપર્વ’ અંતર્ગત ભેસાણમાં જનસ્વાસ્થ્ય મહાયજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સત્સંગના રજતજયંતી વર્ષ - ’કૃપાપર્વ’ની ઉજવણી અંતર્ગત સમદર્શન પરિવાર દ્વારા જૂનાગઢ જિલ્લાના ભેસાણ ખાતે જનસ્વાસ્થ્ય મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેફરલ હૉસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ભેસાણ ખાતે આયોજિત આ કેમ્પની વિગતો આપતાં મુખ્ય આયોજક અને સમદર્શન પરિવારના શ્રી કિશોરભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે, પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના આશીર્વાદ અને પ્રેરણાથી યોજાયેલા આ કેમ્પ દરમિયાન ૫૯ બહેનો અને ૩૮ ભાઈઓએ કેન્સર નિદાન માટે ચેકઅપ કરાવ્યું હતું, જે પૈકી ૧૧ ભાઈઓ અને બે બહેનોને ઑરલ કેન્સરના ચિન્હો જણાતાં તેમને વિનામૂલ્યે આગળની તપાસ માટે રીફર કરવામાં આવ્યા છે. ૨૩૧ લોકોએ જનરલ ચેકઅપ કરાવ્યું હતું.

૩૨૭ લોકોએ આંખોની તપાસ કરાવી હતી, જે પૈકીના ૪૪ દર્દીઓના વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન કરાઈ રહ્યા છે અને વધુ સારવાર આપવામાં આવી રહી છે. ૨૫૦ લોકોને વિનામૂલ્યે ચશ્મા આપવામાં આવ્યા હતા. ૫ મેમોગ્રાફી અને ૩૯ પેપટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આમ આ મહાયજ્ઞ દરમિયાન કુલ ૬૫૫ જેટલા દર્દીઓનું વિનામૂલ્યે ચેકઅપ કરીને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

માત્ર ૩૦ સેકન્ડ કરતાં પણ ઓછા સમયમાં દૂધની ગુણવત્તા માપતું મિલ્ક એનાલાઈઝર

ડેરી એક્સ્પોમાં એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસ દ્વારા અત્યાધુનિક ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર રજૂ કરાયું હતું : અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી દૂધની વાસ્તવિક ગુણવત્તા અંગે ચોકસાઈથી વિશ્લેષણ કરે છે

ગાંધીનગર, તા.૨૧

ડેરી ટેકનોલોજી સોલ્યુશન્સ પૂરા પાડતી એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસે ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર નામની તદ્દન નવી પ્રોડક્ટ રજૂ કરી છે. આ ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝરમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ થયો હોવાને કારણે દૂધની વાસ્તવિક ગુણવત્તા અંગે ચોકસાઈથી વિશ્લેષણ થાય છે. દરેકને પોસાય તેવું આ સાધન ફેટ, એસએનએફ, ઉમેરેલું પાણી, ઘનતા, પ્રોટીન અને લેક્ટોઝની ટકાવારી ૩૦ સેકન્ડ કરતાં પણ ઓછા સમયમાં દર્શાવે છે. ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝરને તા.૧૬ થી ૧૮ માર્ચ દરમ્યાન ગાંધીનગર ખાતે યોજાયેલ ૪૯મી ડેરી ઈન્ડસ્ટ્રી કોન્ફરન્સ અને પ્રદર્શનમાં પ્રદર્શિત કરાયું હતું. આ પ્રોડક્ટ લોન્ચના કાર્યક્રમમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (દ્રઢ્ઢમ)ના ચેરમેન મિનેશ શાહ, ઈન્ડિયન ડેરી એસોસિએશન (ઁઢછ)ના પ્રેસિડેન્ટ આર એસ સોઢી, અમૂલ ડેરીના એમડી અમિત વ્યાસ, ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન (ઁઢઢ)ના પ્રેસિડેન્ટ પિયરક્રિસ્ટીઆનો બ્રેઝેલ તથા પ્રસિધ્ધ ટેકનોક્રેટ્સ, આઈડીએના સભ્યો તથા ડેરી ઉદ્યોગના પ્રતિનિધિઓ આ સમારંભમાં હાજર રહ્યા હતા.

એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસના મેનેજીંગ ડિરેક્ટર અજીત પટેલે જણાવ્યું હતું કે “ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને ચોકસાઈપૂર્વકના પરિણામો વાસ્તવિક ધોરણે પૂરાં પાડે છે અને દૂધ ઉત્પાદકો તથા પ્રોસેસર્સને કાર્યક્ષમતા અને નફાકારકતા વધારવામાં સહાયરૂપ થાય છે. અમને વિશ્વાસ છે કે ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝરની નવતર ટેકનોલોજીથી દૂધનું વિશ્લેષણ

કરવાના ઉદ્યોગમાં ક્રાંતિ આવશે. ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર આત્મનિર્ભર ભારત ઝૂંબેશને વેગ આપીને મેક ઈન ઈન્ડિયાની કામગીરીમાં ગતિ લાવશે." એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસના જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટર પરિમલ પટેલે જણાવ્યું હતું કે “અત્યાર સુધીમાં મિલ્ક એનાલાઈઝર્સની યુરોપમાંથી આયાત થતી હતી. ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર ભારતમાં તૈયાર કરાયું છે. અમને વિશ્વાસ છે કે તેનાથી ગ્રાહકો માટે દૂધ અને દૂધની પ્રોડક્ટસની ગુણવત્તા સુધારવામાં સહાય થશે. ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર એ ઉત્તમ પ્રોડક્ટ છે અને તે મિલ્ક પ્રોસેસર્સ અને ડેરી ક્ષેત્રના ખેડૂતો માટેની અમારી પ્રતિબધ્ધતાનું પ્રતિબિંબ છે.”

અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રના ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ, કેન્દ્રના મત્સ્ય, પશુપાલન અને ડેરી ક્ષેત્ર વિભાગના મંત્રી પરશોત્તમ રૂપાલા, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાતના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ એવરેસ્ટ ઈન્સ્ટ્રૂમેન્ટસના સ્ટોલની મુલાકાત લીધી હતી તે દરમ્યાન ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર રજૂ કરાયું હતું. તેમણે મેક ઈન ઈન્ડિયા ઝૂંબેશમાં પ્રદાન તથા આયાત અવેજીકરણ બદલ આ પ્રોડક્ટસની પ્રસંશા કરી હતી. યુઝર ફ્રેન્ડલી, લાક્ષણિકતા અને નવતર પ્રકારની ડિઝાઈન ધરાવતું ફેટસ્કેન મિલ્ક એનાલાઈઝર તમામ વપરાશકારો માટે યોગ્ય છે. આ ડિવાઈસ પોર્ટેબલ છે અને વિવિધ પ્રકારના સ્થળોએ તેનો ઉપયોગ થઈ શકે તેમ છે.

આઈઆઈટી ગાંધીનગર ખાતે સ્વામી વિવેકાનંદના જીવન અંગે નાટક યોજાયું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી ગાંધીનગર) અને કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા તા.૧૮મી માર્ચે સંયુક્ત રીતે આયોજિત સ્ટેજ નાટકના રૂપમાં સ્વામી વિવેકાનંદના અમૂલ્ય શબ્દો, પાત્ર-નિર્માણ, જીવન અને સંવાદોના સાક્ષી દર્શકો માટે ખરેખર એક યાદગાર સાંજ બની રહી હતી. આ નાટક રાષ્ટ્રકવિ રામધારી સિંહ ‘દિનકર’ સ્મૃતિ ન્યાસ, નવી દિલ્હીના કલાકારોની ટીમ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં આઈઆઈટી ગાંધીનગરના પાંચ સભ્યોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો.રજત મૂના, રાષ્ટ્રકવિ રામધારી સિંહ ‘દિનકર’ સ્મૃતિ ન્યાસના પ્રમુખ નીરજ કુમાર અને ગુજરાતી સાહિત્યના લેખક ડૉ. કેશુભાઈ દેસાઈ દેસાઈએ દીપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. આ નાટક સ્વામી વિવેકાનંદના જીવનના અમૂલ્ય પાઠો અને ઉપદેશોને સ્મરણાંજલી સ્વરૂપે ભજવાયું હતું. તેમાં સંવાદો અને દ્રશ્યોની એવી શ્રેણી રજૂ કરાઈ હતી જે મહાન ચિંતકના કાલાતીત શાણપણને દર્શાવતું હતું જેમાં શિકાગો, યુએસએમાં ૧૮૯૩ વિશ્વની ધર્મ સંસદમાં તેમના ખૂબ જાણીતા ભાષણનો સમાવેશ કરાયો હતો. આ નાટક સ્વામી વિવેકાનંદના પ્રેરણાદાયી સંદેશાઓને જીવંત કરે છે જે દરેક વય અને પૃષ્ઠભૂમિના લોકો સાથે પડઘો પાડતુ હતું. આ પ્રસંગે બોલતા, રાષ્ટ્રકવિ રામધારી સિંહ ’દિનકર’ સ્મૃતિ ન્યાસના પ્રમુખ નીરજ કુમારે કહ્યું, “હું અહીં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ અને દર્શકોને સ્વામી વિવેકાનંદના જીવનના પાઠ સમજવા, તેમના જીવનથી પ્રેરિત થવા અને તેમના માર્ગ પર ચાલવા વિનંતી કરું છું. જીવનમાં સફળ થવા માટે. અહીં કેમ્પસમાં નાટકનું આયોજન કરવા માટે સમગ્ર આઈઆઈટી ગાંધીનગર સમુદાયના પ્રશંસનીય પ્રયાસો, સમર્પણ અને યોગદાન જોઈને પણ મને આનંદ થાય છે.” તેમણે સ્મૃતિ ન્યાસ જે ઉત્કૃષ્ટ કાર્ય કરે છે તે પણ રેખાંકિત કર્યું અને સ્વામી વિવેકાનંદ અને અન્ય જેવા મહાપુરુષોના પ્રેરણાદાયી જીવન પાઠને દર્શાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

રાજ્ય પોલીસ ખાતામાં ૮૦૦૦ જગ્યાઓ પર ભરતી કરાશે

અમદાવાદ, તા.૨૧

ગુજરાતના યુવાનો જે સરકારી નોકરીની તૈયારી કરે છે એમાં પણ ખાસ કરીને પોલીસ ખાતામાં નોકરી મેળવા ઈચ્છે છે તેમના માટે ખુશીના સમાચાર સામે આવી રહ્યા છે. ગૃહ વિભાગ દ્વારા આ વર્ષે પોલીસ ખાતામાં નવી ૮ હજાર જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. આ અંગેની જાહેરાત રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવી છે.

હાલ ચાલી રહેલા બજેટ સત્રમાં વિધાનસભા ગૃહમાં ગૃહ રાજ્યમંત્રીએ નવી પોલીસ ભરતી બાબતે મોટી જાણકારી આપી હતી.

તેમણે ગૃહમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, ગૃહ વિભાગ દ્વારા આ વર્ષે નવી ૮ હજાર જગ્યા પર ભરતી કરવામાં આવશે. જેની પ્રેક્ટીકલ પરીક્ષાનું આયોજન ઉનાળો પૂર્ણ થયા બાદ કરવામાં આવશે.

ઉદગમ તેની સ્થાપનાના ૨૫માં વર્ષની ઉજવણી

ઉદગમ તેની સ્થાપનાના ૨૫માં વર્ષની ઉજવણી નીમ્મીતે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવસિટીના સંયુક્ત ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની મહિલા શાસ્ત્રીય સંગીત યોજના હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવણી રૂપે તા. ૨૧ મી માર્ચ ૨૦૨૩, મંગળવારના રોજ,ગૌતમ હોલ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવસિટી, અમદાવાદ ખાતે ઉષા પર્વ- મહિલા શાસ્ત્રીય સંગીત સમારોહનું આયોજન કરેલ હતું.

ઉષા પર્વ- મહિલા શાસ્ત્રીય સંગીત સમારોહમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવસિટીના ડાયરેક્ટર ડો. આવા શુક્લએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ઉષા પર્વના મુખ્યમહેમાન પદે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવસિટીના વાઇસ ચાન્સેલર પ્રો. ડો. અમી ઉપાધ્યાય અને, અતિથીવિશેષ પદે રૂપા શાહ,

સામાજિક કાર્યકર, ડૉ. ગીતિકા સલુજા, સ્થાપક, ઈકો વોરિયર પધાર્યા હતા.

ઉષાપર્વના મુખ્ય મહેમાન ડૉ.અમી ઉપાધ્યાયએ પ્રસઁગોચિત્ત ઉદબોધનમા ઉદગમના ભારતીય શાસ્ત્રીય સંગીતના સંવર્ધન કાર્યની સાથે ઉદગમના સામાજિક કાર્યોની પ્રશંસા કરી કહ્યુ કે સંગીતમા તાલ અને લય સાથે બદલાવ આવે તેમ સ્ત્રીઓ પણ દરેક બદલાવ સાથે તાલમેલ સાધીને સહુને સાથે રાખે છે. તેઓએ ઉદગમને યોગ્ય મદદની બાંહેધરી આપી હતી. ઉદગમના ટ્રસ્ટી ડો. મયુર જોષીએ આભાર દર્શનમાં ઉદગમના સામાજિક કાર્યોની વિગતવાર માહિતી બાદ પછી તા. ૩૦ માર્ચના ૧૪ માં ઉદગમ વુમન્સ એચિવર્સ એવોર્ડની જાણકારી આપી હતી.

ઉષા પર્વ- મહિલા શાસ્ત્રીય સંગીત સમારોહમાં પ્રથમ પ્રસ્તુતિ મૂળ ઈંદોરના પણ હાલ ગાંધીનગરના શાસ્ત્રીય સંગીતના સાધક અને સરોદ વાદક ડો. રુચા બેડેકરે એ રાગ મારવામાં તીન તાલમાં વિલબિત લયમાં દ્રુત અને ઝાલા પ્રસ્તુતિ કરી હતી. દ્વિતીય પ્રસ્તુતિ અમદાવાદના શાસ્ત્રીય સંગીત ગાયિકા ડો. તેજલ પાઠકે બડા ખ્યાલ વિલંબિત એકતાલ, છોટા ખ્યાલ રાગ હંસધ્વનીમા તાલ અદા ચૌટાલ, બડી હુમરી -રાગ મિશ્ર ખમાજ, જટ તાલ બાદ પારંપરિક હોરી અને અંતે તાલ કેહરવા રેથી પ્રેક્ષકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.તેઓની સાથે તબલા પાર જાજ્વલ્ય શુક્લ અને હાર્મોનિયમ પાર આકાશ જોષીએ સંગત કરી હતી. ઉષા પર્વમાં ગાંધીનગરના ભારતીય શાસ્ત્રીય સંગીત રસિક મહાનુભાવો કીર્તિભાઈ જોષી આશાબેન સરવૈયા, વૈજંતી ગુપ્તે, સંજય થોરાટ પરમજિત કૌર છાબડા, સી. એલ. મેહતા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉષા પર્વને સફળ બનાવવામાં ઉદગમના મનોજ જોષી, જયપ્રકાશ ભટ્ટ, વાગ્મી જોષીએ ખુબ જ જેહમત ઉઠાવી હતી.